सत्यमेव जयते

| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૧૭/૦૧/૨૦૨૪ |
| રજુ કર્યા તા. | ૧૭/૦૧/૨૦૨૪ |
| ફેંસલ કર્યા તા. | ૦૪/૦૪/૨૦૨૫ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

## ૩૦ મા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.

### ફોજદારી કેસ નં. :–૫૧૬૨/૨૦૨૪

**ફરિયાદી:–**

**૧.** શ્રી સરકાર

**વિરુઘ્ધ**

**આરોપી:–**

**૧.** કુલદિપસિંહ જગદીશસિંહ ગોહીલ, ઉ.વ.૩૩,

**૨.** ગીતાબા જગદિશસિંહ ગોહીલ, ઉ.વ.૫૧,
બન્ને રહે. મ. નં. ૧૫, તુલસીવીલા સોસાયટી, મોરજરોડ,
તારાપુર ટાઉન, તા. તારાપુર, જી.આણંદ,
મુળવતન–ગામ ગોરાડ સ્વામીનારાયણ ફળીયુ,
તા.તારાપુર, જી. આણંદ.

**૩.** શ્રઘ્ધાબા મહાવીરસિંહ વાઘેલા, ઉ.વ.૩૦,

**૪.** મહાવિરસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા, ઉ.વ.૩૨,
આરોપી નં.૩ અને ૪ રહે. મ. નં. ડી/૫૦૪, સૃષ્ટી લીવીસ ફ્લેટ,
દેવસ્ય સ્કુલની બાજુમાં, નરોડા, અમદાવાદ.
મુળ રહે. ઝાંખડા(વટામણ), તા.ધોળકા, જી. અમદાવાદ .

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩, ૭ મુજબ.**

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી કુ. એમ.એ. મેકવાન**

| |
|---|
| **આરોપી તરફે : વિ. વ. શ્રી પી. કે. સોની** |

**-//જજમેન્ટ//-**

(૧)ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને તેના લગ્નના ત્રણ માસથી તા.૦૮.૦૯.૨૦૨૩ ના કલાક ૧૮:૪૦ વાગ્યા સુધી ફરીયાદીને હનુમાન કેમ્પ અમદાવાદ ખાતે તથા જલંધર(પંજાબ) આર્મી હેડ કવાર્ટર ખાતે તથા મ. નં.૧૫, તુલસીવીલા સોસાયટી, મોરજરોડ, તારાપુર જી. આણંદ સાસરી ખાતે અવાર નવાર ઘરકામ બાબતે તેમજ જમવાનું બરાબર બનાવતી નથી તેમ કહી મ્હેણાં ટોણાં મારી શારીરીક માનસીક ત્રાસ આપી બોલાચાલી કરી શરીરે ગડદાપાટુનો માર મારી ગંદી બિભત્સ ગાળો બોલી દહેજ પેટે કઈ લાવેલ નથી તેમ કહી રૂા.૨,૦૦,૦૦૦/- ની માંગણી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરિયાદી એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફ. ગુ. રજી. નં.૧૧૧૯૧૦૧૩૨૩૦૭૭૭/૨૦૨૩ થી નોંધવાતાં આગળની તપાસના અંતે ત.ક.અધિકારી એ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો કલમ- ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭ મુજબના આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં આરોપી હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપી સામેના આક્ષેપિત ગુન્હાનું તહોમત આંક-૦૩ થી ફરમાવી આરોપીની પ્લી આંક-૦૪ થી આંક-૦૭ અન્વયે નોંધતાં આરોપીએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:-**

| **અનુ.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદી ધર્મિષ્ઠાબેન કુલદીપસિંહ ગોહીલની સોગંદ પર ની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:-**

| **અનુ.** | **આંક** | **દસ્તાવેજનું નામ** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરિયાદની નકલ |

(૩.૧)આરોપીઓ વિરુધ્ધ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધેલ છે.

(૪) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની વિગતવારની મૌખિક દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## -:મુદૃાઓ:-

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને તેના લગ્નના ત્રણ માસથી તા.૦૮.૦૯.૨૦૨૩ ના કલાક ૧૮:૪૦ વાગ્યા સુધી ફરીયાદીને હનુમાન કેમ્પ અમદાવાદ ખાતે તથા જલંધર(પંજાબ) આર્મી હેડ કવાર્ટર ખાતે તથા મ. નં.૧૫, તુલસીવીલા સોસાયટી, મોરજરોડ, તારાપુર જી. આણંદ સાસરી ખાતે અવાર નવાર ઘરકામ બાબતે તેમજ જમવાનું બરાબર બનાવતી નથી તેમ કહી મ્હેણાં ટોણાં મારી શારીરીક માનસીક ત્રાસ આપી બોલાચાલી કરી શરીરે ગડદાપાટુનો માર મારી ગંદી બિભત્સ ગાળો બોલી દહેજ પેટે કઈ લાવેલ નથી તેમ કહી રૂ.૨,૦૦,૦૦૦/- ની માંગણી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## - :: કા ર ણો ::-

(૭) ફોજદારી કાયદાના કાર્ડિનલના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ

તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે અને ફરીયાદ પક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતાં હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૮) બંને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાને લઈ રેકર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામે ફરિયાદી ધર્મિષ્ઠાબેન કુલદીપસિંહ ગોહીલ નાઓને આંક- ૧૧ થી તપાસતા તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ માતા-પિતા સાથે રહે છે. તેઓના લગ્ન તા.૦૬.૦૨.૨૦૧૬ ના રોજ આરોપી નં.૧ સાથે થયેલ અને લગ્ન બાદ તેઓ સાસરી તારાપુર, તા. તારાપુર, જી. આણંદ મુકામે આરોપી સાથે રહેવા ગયેલ જયાં આરોપી નં.૧, ૨ તથા ૩ નાઓ સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતા. આરોપી નં.૪ તેઓના નણંદોઈ થાય છે. લગ્નબાદ તેઓને સંતાનમાં એક દિકરો જેનુ નામ જયરાજનો જન્મ થયેલ જેની હાલમાં ઉંમર ૭ વર્ષ છે. લગ્નબાદ આરોપી સાથે ઘરકામ બાબતે બોલાચાલી તકરાર થતાં તેઓને મનદુ:ખ થતા ફરીયાદ દાખલ કરેલ હતી, જે ફરીયાદ બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે આંક-૧૨ થી રજુ થયેલ છે તેવું જણાવે છે.

ફરીયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ. પી. પી .શ્રી એ તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી તેમજ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નહીં તેમજ આરોપીઓએ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવેલ છે.

(૯) આમ, ફરિયાદીના રેકર્ડ પરના મૌખિક પુરાવાથી બનાવ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. વધુમાં ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં આરોપીએ તેમને માર મારેલ હોય કે કે ગાળો બોલેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી તેમજ ફરિયાદીના પુરાવાથી ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલાનું રેકર્ડ પર આવતું ના હોય ત્યારે હવે વધુ સાક્ષીઓ

તપાસવા ઉચિત જણાતાં નથી. આ કામે જે ગુનાની કલમો આરોપીઓ સામે લગાવેલ છે તેનું અર્થઘટન નીચે મુજબ થાય છે.

આ કામે જે ગુનાની કલમો આરોપીઓ સામે લગાવેલ છે તેનું અર્થઘટન નીચે મુજબ થાય છે.

(૯.૧)આ કામે ઈ. પી. કો. કલમ–૪૯૮(ક) મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો ભોગ બનનાર વ્યકિતને શારીરીક માનસીક ત્રાસ આપવામાં આવેલો હોય કે જેનાથી તે આત્મહત્યા કરવા પ્રેરાય આ કલમની જોગવાઈ મુજબ આવી સ્ત્રીને આપઘાત કરવા પ્રેરવાનો કે તેના શરીર અવયવ કે શારીરીક માનસીક આરોગ્યને ગંભીર ઈજા થવાનો સંભવ હોય અને મિલ્કત કે કિંમતી જામીનગીરી માટેની ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા માટે સ્ત્રી પાસેથી બળજબરી કામ કઢાવવા માટે કે ગેરકાયદેસર માંગણીને પહોંચી વળવા આવી સ્ત્રી કે તેના સગાએ ચુકી જવાના કારણે આવી સ્ત્રીને હાની કરેલી હોય તેવું હાલના કેસમાં બનેલ હોય તેવું બનેલ નથી.

(૯.૨)આ કામે ઈ. પી. કો. કલમ–૩૨૩ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ ખરેખર ઈજા પામનારને શારીરીક પીડા, રોગ કે અશકતતા પહોંચાડી હતી અને આવી ઈજા પહોંચાડવા કે એમ જાણી જોઈએ કર્યું કે તેનાથી ઈજા પહોંચશે. આમ, આ કેસમાં જોવામાં આવે તો આ કામના આરોપીએ કોઈ જાણી જોઈને ઈજા કરી હોય તેવું જોવા મળતું નથી. ફરીયાદી પોતે જણાવે છે કે સામાન્ય બોલાચાલી થયેલી. કોઈએ કઈ મારેલ હોય તેવું બનેલ નથી.

(૯.૩)આ કામે આરોપી સામે ઈ. પી. કો. કલમ–૨૯૪(ખ) મુજબનો આરોપ છે જેમાં વ્યાખ્યા જોતાં કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે તેને ત્રણ મહીનાની મુદૃતની કોઈ પ્રકારની કેદની અથવા દંડની કે બન્ને પ્રકારની સજા કરવામાં આવશે આ ગુનો બીન સમાધાન લાયક છે. આ કામે ફરીયાદી તેમજ ઈજા પામનાર વ્યકિતઓની જુબાની જોતાં આરોપી દ્વારા જાહેર સ્થળ ઉપર કોઈક અશ્લીલ શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવેલ હોય તેવી વિગતને સમર્થન મળતું નથી.

(૯.૪) આ કામે ઈ. પી. કો. કલમ–૧૧૪ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા કાર્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કાર્ય પોતાની હાજરીમાં તો તેણે પોતે તે કાર્ય કે ગુનો કર્યો છે એમ ગણાય. આમ, આ કેસમાં એવી કોઈ હકીકત જોવા મળતી નથી.

આમ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ ના આવશ્યક તત્વો પુરવાર થતાં ના હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

## – :: હુ ક મ :: –

(૧) આરોપી નં. (૧) કુલદીપસિંહ જગદીશસિંહ ગોહીલ, (૨)ગીતાબા જગદીશસિંહ ગોહીલ, (૩) શ્રધ્ધાબા મહાવીરસિંહ વાઘેલા, (૪) મહાવીરસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા નાઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ મુજબના ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ માટે રૂા.૫૦૦૦/–પુરાના એકવીટલ જામીન તથા જાતમુચરકો ઉપલી અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા સંબંધે આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૦૪ થી માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**Date.04/04/2025**
**Place:AHMEDABAD**

**(MR.B.P.Mahida)**
**GJ-01122**
**30th ADDI.CHIEF JUDICIAL**
**MAGISTRATE AHMEDABAD CITY.**